ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

હવામાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૨.૦° સે.	૨૮.૦° સે.
આહવા	૩૨.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૩૪.૦° સે.	૨૮.૦° સે.
વાપી	૩૪.૦° સે.	૨૮.૦° સે.

નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદે ખેડૂતોમાં નવી આશા અને ઉત્સાહ જગાવ્યો

મેઘરાજાની મહેરથી ખેતરોમાં હરિયાળી

જિલ્લાના 44 હજાર હેક્ટરના લક્ષ્ય સામે 3,500 હેક્ટરમાં રોપણી પૂર્ણ

આગામી દિવસોમાં વાવેતર વધુ તેજ બનવાની આશા

નવસારીઃ છેલ્લા કેટલાક દિવસોથી નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદે ખેડૂતોમાં નવી આશા અને ઉત્સાહ જગાવ્યો છે. ચોમાસાની શરૂઆતમાં વરસાદની અનિશ્ચિતતાને કારણે અટકી પડેલી ખરીફ સીઝનની કામગીરી હવે ઝડપથી આગળ વધી રહી છે. ખાસ કરીને જિલ્લાના મુખ્ય પાક ગણાતા ડાંગરની રોપણીને વેગ મળતાં ગામડાંના ખેતરોમાં ફરી એકવાર હરિયાળીનું દૃશ્ય સર્જાયું છે.

ચોમાસું મોડું બેસતાં અનેક ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. નહેર આધારિત વિસ્તારોમાં ધરું તૈયાર હોવા છતાં વરસાદના અભાવે રોપણી શરૂ થઈ શકી નહોતી, જ્યારે વરસાદ આધારિત વિસ્તારોમાં ધરું તૈયાર કરવાની કામગીરી પણ અટકી પડી હતી. જોકે, છેલ્લા એક અઠવાડિયામાં થયેલા સારા વરસાદે સમગ્ર સ્થિતિ બદલી નાખી છે. હવે જિલ્લામાં મોટા પાયે ડાંગરની રોપણી ચાલી રહી છે, જ્યારે અનેક વિસ્તારોમાં હજુ પણ ધરું તૈયાર કરવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે.

કૃષિ વિભાગના પ્રાથમિક આંકડા મુજબ નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે 3,500 હેક્ટર વિસ્તારમાં ખરીફ ડાંગરની રોપણી પૂર્ણ થઈ છે. સામાન્ય રીતે જિલ્લામાં દર વર્ષે અંદાજે 44 હજાર હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવે છે. અનુકૂળ વરસાદને કારણે આગામી દિવસોમાં રોપણીનો વિસ્તાર ઝડપથી વધે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉત્પાદનની આશા પણ વધુ મજબૂત બનશે

ખેડૂતોના જણાવ્યા મુજબ હાલ જમીનમાં પૂરતો ભેજ હોવાથી રોપણી માટે આદર્શ પરિસ્થિતિ ઊભી થઈ છે. જો આગામી દિવસોમાં પણ વરસાદનો સિલસિલો યથાવત્ રહેશે તો સમયસર વાવેતર પૂર્ણ થવાની સાથે સારા ઉત્પાદનની આશા પણ વધુ મજબૂત બનશે. મેઘરાજાની મહેરથી નવસારી જિલ્લાના ખેતરોમાં ફરીથી જીવંતતા આવી છે. ખેતીના કામમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે અને સમગ્ર જિલ્લામાં ખરીફ સીઝન હવે પૂરજોશમાં આગળ વધી રહી છે.

નવસારીના જલાલપોરના મહુવર ગામમાં નેતાઓ સામસામે

મહિલા સરપંચે જિ.પં. સભ્ય સહિત અન્ય સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસનો દરવાજો ખટખટાવ્યો

નવસારીઃ જલાલપોર તાલુકાના મહુવર (મરોલી બજાર) ગામમાં વરસાદી પાણીના નિકાલના મુદ્દે થયેલા વિવાદે હવે પોલીસ ફરિયાદનું સ્વરૂપ ધારણ કર્યું છે. ગ્રામ પંચાયતના મહિલા સરપંચ યોગીનાબેન કમલેશભાઈ પટેલે જિલ્લા પંચાયતના સભ્ય રાહુલ મનુભાઈ પટેલ સહિત અન્ય કેટલાક લોકો સામે મરોલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. સાથે જ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને કાયદા મુજબ કાર્યવાહી કરવાની માંગ પણ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, 9 જુલાઈના રોજ મહિલા સરપંચ ગામમાં વરસાદી પાણી ભરાવાની લાંબા સમયથી ચાલતી સમસ્યાના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રી સાથે સ્થળ નિરીક્ષણ કરી રહ્યા હતા. તે દરમિયાન જિલ્લા પંચાયતના સભ્ય રાહુલ પટેલ તથા અન્ય કેટલાક લોકો સ્થળ પર આવ્યા હતા. મહિલા સરપંચે પોતાની રજૂઆતમાં આક્ષેપ કર્યો છે કે સ્થળ પર તેમની સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો, અપમાનજનક વર્તન કરવામાં આવ્યું તેમજ ધક્કામુક્કી અને ઝપાઝપી જેવી સ્થિતિ સર્જાઈ હતી. ફરિયાદમાં સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે ઘટનાની જાણ તાત્કાલિક 181 મહિલા હેલ્પલાઇનને કરવામાં આવી હતી. ઉપરાંત, ઘટનાસ્થળના ઉપલબ્ધ ઓડિયો અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓની તપાસ કરીને જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. આ ફરિયાદની નકલ જિલ્લા પોલીસ અધિક્ષક, ગુજરાત મહિલા આયોગ તેમજ સંબંધિત પક્ષના કાર્યાલયને પણ મોકલવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો ફરિયાદકર્તાના નિવેદન પર આધારિત છે. આ અંગે સંબંધિત પક્ષનો પ્રતિભાવ પ્રાપ્ત થયો નથી અને સમગ્ર મામલો હાલ પોલીસ તપાસને આધીન છે.

સંક્ષિપ્ત સમાચાર

દા.ન.હ.માં મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ, ૧૧ સપ્ટેમ્બરે આખરી યાદી પ્રસિદ્ધ થશે

વાપી : ભારતના ચૂંટણી પંચ દ્વારા દાદરા નગર હવેલી સંસદીય મતવિસ્તારમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા (SIR) ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત ૪ જૂનથી 3 જુલાઈ ૨૦૨૬ દરમિયાન હાથ ધરાયેલા પ્રથમ તબક્કામાં કુલ ૨,૯૧,૬૭૨ મતદારોમાંથી ૨,૦૫,૯૯૮ (૭૦.૬૩%) મતદારોએ પોતાના ફોર્મ સબમિટ કરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ઘર-ઘરની મુલાકાત દરમિયાન ૨૨.૧૦% મતદારો ગેરહાજર અથવા મળી આવ્યા નહોતા, જ્યારે ૪.૫૦% કાયમી ધોરણે સ્થળાંતરિત અને ૧.૯૧% મતદારો મૃત્યુ પામેલા નોંધાયા છે. ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર સમયપત્રક મુજબ, ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ ડ્રાફ્ટ (પ્રાથમિક) મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. હવે મતદારો ૧૦ જુલાઈથી ૯ ઓગસ્ટ ૨૦૨૬ સુધી પોતાના દાવા અને વાંધા રજૂ કરી શકશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આખરી મતદારયાદી જાહેર કરવામાં આવશે. કોઈપણ પાત્ર મતદાર વંચિત ન રહી જાય તે માટે વહીવટીતંત્ર દ્વારા ખાસ જાગૃતિ કાર્યક્રમો અને હેલ્પ ડેસ્ક શરૂ કરાયા છે. ડ્રાફ્ટ મતદારયાદી જિલ્લા ચૂંટણી કચેરી, તમામ મતદાન મથકો તેમજ મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઇટ (ceodaman.nic.in) પર ઉપલબ્ધ છે. નવા મતદારો નામ નોંધાવવા માટે ફોર્મ-૬ અને સુધારા-વધારા માટે ફોર્મ-૮ ભરીને બીએલઓ (BLO) અથવા વોટર્સ પોર્ટલ (voters.eci.gov.in) પર ઓનલાઈન અરજી કરી શકે છે.

ગણદેવી પીપલ્સ બેંકનો અમૃત મહોત્સવ: મેડિકલ કેમ્પનો 980 લોકોને લાભ મળ્યો

બીલીમોરા : સહકારી ક્ષેત્રે પોતાની ઉત્કૃષ્ટ બેંકિંગ સેવાઓ સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં હંમેશા અગ્રેસર દી ગણદેવી પીપલ્સ કો-ઓપ. બેંક લિ. દ્વારા વધુ એક પ્રશંસનીય સેવાકીય કાર્ય કરવામાં આવ્યું છે. બેંક તેમજ પ્રજાપતિ વિદ્યાર્થી આશ્રમ, શ્રી વિઘ્નહર્તા યુવક મંડળ, મેરેંગો એશિયા ફાઉન્ડેશન, મેરેંગો સિમ્સ હોસ્પિટલ અને મેરેંગો એશિયા હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બીલીમોરામાં નિઃશુલ્ક સુપર સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ૯૮૦થી વધુ દર્દીઓએ તબીબોની સેવાનો લાભ લીધો હતો. આ મેડિકલ કેમ્પમાં 'ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનિત દેશના જાણીતા હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડો. ધવલ નાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે હાર્ટ, કીડની, લિવર, ન્યુરો, ગેસ્ટ્રો, ઓર્થોપેડિક, યુરોલોજી, ગાયનેક અને પ્લાસ્ટિક સર્જરીના રોગોના તબીબોની ટીમે દર્દીઓની તપાસ કરી હતી. બીલીમોરા પોલીસ વિભાગના કર્મચારીઓએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ અને સહયોગી સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિઘ્નહર્તા યુવક મંડળ તેમજ ગણદેવી પીપલ્સ બેંક ડિરેક્ટરો અને સભ્યો દ્વારા આમંત્રિતોને શાલ ઓઢાડી બહુમાન કરાયું હતું. આ પ્રસંગે ડિરેક્ટર પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડો. ધવલ નાયકનું એક વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જસ્મીન દેસાઈના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ પ્રસંગે ગોપાળ ગોહિલ, મનીષ દેસાઈ, અલ્કેશ શાહ, મિતેષ જોશી, તુષાર વશી, મેનેજર હિમાંશુ વૈદ્ય તેમજ મનીષ નાયક, કમલેશ પ્રજાપતિ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રોણવેલ હાઇસ્કુલમાં સાઇબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

વલસાડ : વલસાડ તાલુકાના રોણવેલ વિભાગ કેળવણી મંડળ સંચાલિત આર. કે. પટેલ સાર્વજનિક વિદ્યાલય, રોણવેલમાં સાઇબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના રૂક્ષ્મણીબા પ્રાર્થના હોલમાં વલસાડ જિલ્લા રૂરલ પોલીસ ઇન્સ્પેક્ટર સુખવીંદરસિંહ ગડું, વલસાડ જિલ્લા સાયબર આઈ.ટી. એક્સપર્ટ વૈભવભાઈ પટેલ, રૂરલ પોલીસ હેડ કોન્સ્ટેબલ સુનિતાબેનની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરણ 9 થી 12 ના તમામ બાળકોને સાંપ્રત સમયમાં સાઇબર ક્રાઇમ, સાઇબર સિક્યુરિટી, સાઇબર જાગૃતતા અને સાઇબર ફ્રોડથી બચવાની પ્રક્રિયા વિશે વિગતે સમજૂતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ડો. ઘનસુખભાઈ આહીરના માર્ગદર્શન અંતર્ગત કરવામાં આવ્યું હતું.

ઓરવાડની ગુમ થયેલી યુવતી ઘરે પરત ફરી

પારડી : પારડી તાલુકાના ઓરવાડ ગામેથી ગત તા. 8 જુલાઈ 2026 ના રોજ કોઈને કહ્યા વગર ગુમ થયેલી કરિશ્માબેન નિલેશભાઈ બુટીયા નામની ૨૪ વર્ષીય યુવતી સહીસલામત પોતાના ઘરે પરત આવી જતાં પરિવારે રાહતનો શ્વાસ લીધો છે. મળતી માહિતી મુજબ, યુવતી વલસાડથી ટ્રેન પકડવા જતાં ભૂલથી ટ્રેન ચૂકી ગઈ હતી. ત્યારબાદ તે નડિયાદ અને ત્યાંથી અમદાવાદ પહોંચી હતી. અમદાવાદથી અન્ય ટ્રેન પકડીને તે છેક નવી દિલ્હી પહોંચી ગઈ હતી. નવી દિલ્હીથી પરત ટ્રેન પકડી તે વાપી સ્ટેશન આવી પહોંચી હતી અને ત્યાંથી રીક્ષા ભાડે કરી પોતાના ઘરે ઓરવાડ સહીસલામત પરત ફરી છે. યુવતી ઘરે પરત ફરતા પારડી પોલીસે પણ આગળની જરૂરી નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

'હું 3-4 વર્ષ પછી આવીશ, બ્રિજ પરથી બાઇક-પર્સ લઈ જજે'

નારગોલ ઓવરબ્રિજ પરથી ખાડીના પાણીમાં ઝંપલાવી પ્લાસ્ટિક ડાઇના વેપારીની આત્મહત્યા

પત્નીને ફોન કરી વેપારીએ અંતિમ પગલું ભર્યું, સોમવારે સવારે પાણીમાંથી લાશ મળી આવી

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નારગોલ ઓવરબ્રિજ નીચે ખાડીના પાણીમાં પડતું મૂકી વેપારીએ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

ઉમરગામ ગાંધીવાડી હરી રેસીડેન્સી પાવર હાઉસની સામે ફ્લેટ નંબર એ 708 માં રહેતા સુનિલ શિવદાસ ગુપ્તા (ઉમર વર્ષ 40 મૂળ રહે ઉત્તર પ્રદેશ), ઉમરગામ GIDC માં જ્યોતી ડાયકાફ્ટ પ્રા.લિ નામની કંપની ચલાવી પ્લાસ્ટિક ડાયનો વેપાર કરતા હતા. તેઓ પોતાની પત્ની જ્યોતી અને દીકરો શીવમ અને દીકરી શિવાની સાથે રહેતા હતા.

રવિવારે સાંજના 7.19 કલાકે પત્ની જ્યોતીએ પતિ સુનિલને ફોન કરી પૂછ્યું હતું કે આપ કહા પે હો ત્યારે તેમને જણાવેલું કે તેરે કો ક્યાં કામ હૈ મેં જહાં પે ભી રહું તેમ કહી મેં નારગોલ બ્રિજ પર ખડા હું તીન ચાર સાલ કે બાદ આઉંગા, તુ નારગોલ બ્રિજ સે મોટર સાયકલ ઓર પર્સ લેકે જા' એમ કહેતા ફોન કટ કરી દીધેલો હતો અને પુત્ર શિવમને જાણ કરી હતી.

પત્ની જ્યોતિ તથા દીકરો શિવમ તથા તેના મિત્રો અને ઓળખીતાઓ નારગોલ બ્રિજ ઉપર જતા મોટરસાયકલ ત્યાં પડી હતી અને મોટરસાયકલ ઉપર પર્સ પણ હતું. તેઓને શંકા ગઈ હતી કે સુનિલે બ્રિજ પરથી પાણીમાં કૂદીને આત્મહત્યા કરેલી છે. તરત જ આ બનાવ અંગે ઉમરગામ પોલીસને જાણ કરતા પોલીસ અને ફાયરના જવાનો દોડી આવી શોધખોળ હાથ ધરી હતી. સોમવારે સવારે સુનિલની પાણીમાં ડૂબેલી મરણ ગયેલી હાલતમાં લાશ નારગોલ બ્રિજની નીચે પાણીમાંથી મળી આવી હતી. તેણે કોઈ અગમ્ય કારણસર પાણીમાં પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. ઉમરગામ પોલીસ સ્ટેશનમાં આ બનાવ અંગે ફરિયાદ જ્યોતિ સુનિલ ગુપ્તાએ આપતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીના અષ્ટગામમાં ખાતર પ્લાન્ટના વિસ્તરણ સામે ઉગ્ર વિરોધ

૮૦ ગામના સરપંચો અને ગ્રામજનોએ કલેક્ટરને રજૂઆત કરી

'પર્યાવરણ, ખેતી અને જાહેર આરોગ્ય જોખમાશે તો લોકશાહી ઢબે લડત આપીશું'

નવસારીઃ નવસારી તાલુકાના અષ્ટગામ ખાતે કાર્યરત ઈન્ડિયન પોટાશ લિમિટેડના રાસાયણિક ખાતર ઉત્પાદન પ્લાન્ટના પ્રસ્તાવિત વિસ્તરણને લઈને આસપાસના ગામોમાં વિરોધનો માહોલ વધુ ગાઢ બન્યો છે. અસરગ્રસ્ત વિસ્તારના આશરે 80 ગામોના ગ્રામજનો અને સરપંચોએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરીને પ્રસ્તાવિત વિસ્તરણ અંગે પુનર્વિચાર કરવાની માંગ કરી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, 30 જૂનના રોજ યોજાયેલી જાહેર સુનાવણી દરમિયાન પણ મોટી સંખ્યામાં લોકોએ પ્રોજેક્ટ અંગે પોતાના વાંધા અને સૂચનો રજૂ કર્યા હતા. તેમનું કહેવું છે કે પ્લાન્ટના વિસ્તરણથી હવા, પાણી અને જમીન પર સંભવિત અસર થઈ શકે છે, જેના કારણે આસપાસના ગામોમાં રહેતા લોકોના આરોગ્ય અને કૃષિ આધારિત જીવન પર પ્રતિકૂળ અસર થવાની આશંકા છે.

રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પ્લાન્ટની આસપાસ આદિવાસી આશ્રમ શાળાઓ, વિદ્યાર્થી હોસ્ટેલો અને પાંજરાપોળ આવેલી હોવાથી પર્યાવરણ અને જાહેર આરોગ્યના તમામ પાસાઓનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવું જરૂરી છે. સ્થાનિક ખેડૂતોનું પણ માનવું છે કે જો પ્રદૂષણમાં વધારો થશે તો ખેતીની જમીનની ઉત્પાદકતા અને ખેતી પર તેની અસર થઈ શકે છે.

ગ્રામજનોએ રજૂઆતમાં વધુમાં એવી માંગ કરી છે કે પ્રસ્તાવિત વિસ્તરણને મંજૂરી આપતા પહેલાં પર્યાવરણીય અસર, આરોગ્ય સંબંધિત મુદ્દાઓ અને સ્થાનિક લોકો દ્વારા રજૂ કરાયેલા વાંધાઓની સ્વતંત્ર અને પારદર્શક રીતે સમીક્ષા કરવામાં આવે.

સ્થાનિક પ્રતિનિધિઓએ જણાવ્યું છે કે તેમનો વિરોધ વિકાસ સામે નહીં પરંતુ પર્યાવરણ, જાહેર આરોગ્ય અને ખેતીના હિતોની સુરક્ષા માટે છે. તેમણે તંત્રને લોકોની રજૂઆતોને ગંભીરતાથી ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી છે.

ગ્રામજનોએ વધુમાં જણાવ્યું છે કે જો તેમની રજૂઆતને યોગ્ય પ્રતિસાદ નહીં મળે તો તેઓ કાયદાકીય જોગવાઈઓના પાલન સાથે શાંતિપૂર્ણ અને લોકશાહી માર્ગે આગળની લડત લડશે.

નવસારીઃ રોંગ સાઇડમાં આવેલી બાઇકની ટક્કરથી દંપતી ઇજાગ્રસ્ત

નવસારીઃ નવસારી રેલવે સ્ટેશન નજીક આવેલા ઓવરબ્રિજ પર શનિવાર મોડી રાત્રે થયેલા માર્ગ અકસ્માતમાં એક દંપતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું. જલાલપોરના નફુલસિંહ કાયસ્થ પત્ની હેમાન્સીબેન સાથે મોટરસાઇકલ પર જલાલપોર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ઓવરબ્રિજના છેડે સામેની દિશામાંથી રોંગ સાઇડમાં આવી રહેલી સ્પ્લેન્ડર તેમની બાઇક સાથે અથડાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે નફુલસિંહ કાયસ્થને હાથ અને પગમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની પત્નીને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત સર્જ્યાની ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે.

નવસારી મનપાની આઉટસોર્સિંગ ભરતી પ્રક્રિયાની તપાસની માંગ

યુવાનો અને નાગરિકોમાં ઉઠેલી શંકાઓ દૂર કરવા સ્વતંત્ર તપાસની માંગ

અનિયમિતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવા અરજદારની રજૂઆત

નવસારીઃ નવસારી મહાનગરપાલિકામાં આઉટસોર્સિંગ એજન્સીઓ મારફતે કરવામાં આવતી ભરતી પ્રક્રિયા અંગે પારદર્શિતા અને સ્પષ્ટતા લાવવાની માંગ સાથે અરજદાર અર્જુનભાઈ ઉકાભાઈ ભરવાડે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક સમયથી આઉટસોર્સિંગ ભરતી પ્રક્રિયા અંગે વિવિધ રજૂઆતો અને જાહેર ચર્ચાઓ સામે આવી રહી છે. જેના કારણે ભરતી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા અંગે નોકરી ઇચ્છુક યુવાનો તેમજ નાગરિકોમાં કેટલાક પ્રશ્નો ઊભા થયા હોવાનું રજૂ કરવામાં આવ્યું છે.

અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એક તરફ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં સ્ટાફની અછત અંગે રજૂઆતો કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ જાહેર ચર્ચાઓમાં મોટી સંખ્યામાં આઉટસોર્સિંગ કર્મચારીઓ કાર્યરત હોવાના દાવાઓ પણ સામે આવી રહ્યા છે. આ મુદ્દે તથ્યાત્મક સ્પષ્ટતા કરવા રજૂઆતમાં માંગ કરવામાં આવી છે. અરજદારે વધુમાં રજૂઆત કરી છે કે આઉટસોર્સિંગ કર્મચારીઓની સંખ્યા, તેમની વિભાગવાર ફરજ, કામગીરી અને ભરતી પ્રક્રિયા અંગે વધુ પારદર્શિતા જાળવવામાં આવે. ઉપરાંત ભરતી પ્રક્રિયા અંગે ઊઠી રહેલી વિવિધ રજૂઆતો અને ફરિયાદોની સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે જો તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની અનિયમિતતા અથવા નિયમભંગ સામે આવે તો સંબંધિત જવાબદારો સામે કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવે. સાથે જ તપાસ પૂર્ણ થયા બાદ તેનો અહેવાલ જાહેર કરવામાં આવે જેથી નાગરિકોમાં ઊભા થયેલા પ્રશ્નોનું નિરાકરણ આવી શકે. અરજીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રજૂઆતનો હેતુ કોઈ વ્યક્તિ કે અધિકારી સામે આક્ષેપ કરવાનો નથી, પરંતુ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે, જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થાય અને સમગ્ર પ્રક્રિયા અંગે નાગરિકોમાં વિશ્વાસ વધુ મજબૂત બને તે સુનિશ્ચિત કરવાનો છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમગ્ર મુદ્દો સંબંધિત ઉચ્ચ સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે, તેમ રજૂઆતમાં જણાવાયું છે.

ગણદેવી સુગરની ૧૬ બેઠક માટે જંગના એંધાણ

પ્રથમ દિવસે ૨૬ ફોર્મ ઉપડ્યા, ચીખલી અને વલસાડ વિભાગમાં ઉમેદવારી નોંધાઈ

૧૬ બેઠકો પર સહકાર, સમન્વય અને અપક્ષો વચ્ચે ત્રિપાંખીયો જંગ

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરી (સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ) ચૂંટણી પ્રક્રિયા પ્રગતિમાં છે. દરમ્યાન ચીખલી પ્રાંત કચેરીએથી ચૂંટણી વાંચ્છુકોએ પ્રથમ દિવસે ૨૬ ફોર્મ ઉપાડ્યા હતા. જ્યારે ચીખલી (વિભાગ -૮) માં ૧ ઉમેદવારી અને વલસાડ (વિભાગ-૧૦) માં એક ડમી સહિત બે ઉમેદવારી નોંધાઈ હતી.

ચીખલી પ્રાંત અધિકારી મિતેષ પટેલની સીધી દેખરેખમાં ગણદેવી સુગરની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સુગર ફેક્ટરીનાં ૧૨ ઝોન, અનુસૂચિત જાતિ, જનજાતિ અને મહિલા અનામત તેમજ બ વર્ગની એક બેઠક મળી ૧૬ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. જે પૈકી ઉત્પાદક સભાસદો (અ વર્ગ) ની ગણદેવી -૨ બેઠક, નવસારી-૪, ચીખલી-૩, વલસાડ-૧, મહુવા-૧, વાંસદા-૧ તેમજ અનુસૂચિત જાતિ કે જન જાતિ માટે -૧ અને મહિલા અનામત-૧ બેઠક તેમજ બિન ઉત્પાદક સભાસદો માટે ૧ બેઠક મળી કુલ ૧૬ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. ગણદેવી વિભાગ-૧ માં ૪૭ ગામો મળી ૨૭૦ મતદારો, વિભાગ-૨ માં ૧૩ ગામોમાં ૪૪૬ મતદારો, વિભાગ-૩ માં ૪૧ ગામોમાં ૫૨૪ મતદારો, વિભાગ-૪ ના ૨૩ ગામોમાં ૬૧૦ મતદારો, વિભાગ-૫ માં ૧૮ ગામોમાં ૫૦૯ મતદારો, વિભાગ-૬ માં ૨૧ ગામોમાં ૭૭૫ મતદારો, વિભાગ-૭ માં ૧૯ ગામોમાં ૬૨૯ મતદારો, વિભાગ-૮ માં ૧૯ ગામોમાં ૫૦૬ મતદારો, વિભાગ-૯ માં ૩૪ ગામોમાં ૩૭૮ મતદારો, વિભાગ-૧૦ માં ૪૭ ગામમાં ૨૫૧, વિભાગ-૧૧ નાં ૧૫ ગામમાં ૪૮૯ મતદારો અને વિભાગ-૧૨ ના ૧૧ ગામમાં ૩૫૪ મતદારો છે. મહિલા અનામત તેમજ અનુસૂચિત જાતિ કે જનજાતિ અનામત બેઠકો ઉપર કુલ ૫૭૪૧ મતદારો મતદાન કરશે. જ્યારે બિન ઉત્પાદક સભાસદો (બ વર્ગ) માં કુલ ૫૦૪ મતદારો છે. ત્યારે સહકાર, સમન્વય અને અપક્ષ ઉમેદવારો વચ્ચે રસપ્રદ જંગનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

પારડી હાઈવે પર ઓઈલની નદી વહી

પારડી NH-48 પર પેટ્રોલ પંપ પર ઊભેલા ઓઇલ ટેન્કર પાછળ કન્ટેનર ઘડાકાભેર અથડાયું

બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ ટાટા કન્ટેનરના ચાલક સામે ગુનો દાખલ

પારડી : પારડી નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા એક પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં ઊભેલા ઓઈલ ટેન્કર પાછળ એક કન્ટેનરે જોરદાર ટક્કર મારતા ટેન્કરમાં ભરેલું પ્રવાહી ઓઈલ રોડ પર ઢોળાયું હતું. ઘટનાને પગલે હાઈવે પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી છે. ઘટનાની વિગત મુજબ, ખીલન જગન્નાથ ચૌહાણ નામનો ડ્રાઈવર સેલવાસની અંશાર કંપનીમાંથી ભારત બેન્ઝ ટેન્કર (નંબરઃ RJ-47-GA-2804) માં ઓઈલ ભરીને દિલ્હી જવા નીકળ્યો હતો. બપોરના સમયે નેશનલ હાઈવે 48 પર પારડી નજીક આવેલા એકતા હોટેલ પાસેના ભારત પેટ્રોલ પંપ પર તે ડીઝલ પુરાવવા માટે ઊભો રહ્યો હતો.

ડ્રાઈવરે ટેન્કરને પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં સાઈડ પર પાર્ક કર્યું હતું. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા એક ટાટા કંપનીના કન્ટેનર (નંબરઃ GJ-02-AT-4051) ના ચાલકે પોતાના વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. કન્ટેનરને બહાર કાઢવા જતાં તેણે ઊભેલા ઓઈલ ટેન્કરના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટેન્કરના પાછળના ભાગે મોટું ગાબડું પડી ગયું હતું, જેના કારણે ટેન્કરમાં ભરેલું ઓઈલ હાઈવે અને રોડ પર ઢોળાવવા લાગ્યું હતું. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. ટેન્કરના માલિકની સૂચનાથી ડ્રાઈવરે તાત્કાલિક 112 નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા જ પારડી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ ટેન્કરના ડ્રાઈવર ખીલન ચૌહાણની ફરિયાદના આધારે ટાટા કન્ટેનરના ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવી નુકસાન પહોંચાડવા બદલ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ 22મીએ યોજાશે

સાપુતારાઃ ડાંગ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨, અને તાલુકા સ્વાગત તા. ૨૧, જૂલાઈ ૨૦૨૬ના રોજ યોજાશે. પ્રજાજનોની ફરિયાદો અને પ્રશ